સંક્ષિપ્ત સમાચાર

અંકલેશ્વરમાં ક્ષિપ્રા ગણેશ મંદિરના 13મા પાટોત્સવની ભવ્ય ઉજવણી

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરના રામકુંડ ખાતે આવેલ શ્રી ક્ષિપ્રા ગણેશ મંદિર ખાતે 13મા પાટોત્સવની ધાર્મિક ભાવભર્યા માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ સાથે જ મંદિર પરિસરમાં સ્થિત નર્મદા માતાજી મંદિરના આઠમા પાટોત્સવની પણ ઉજવણી થઈ હતી. પાટોત્સવ પ્રસંગે ગણેશ યાગ, શ્રી ફળ હવન, મહાઆરતી તેમજ ભંડારા જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

દોરા ગામ પાસે સાઈડ પર ઊભેલા કાર ચાલકનું અકસ્માત મોત

ભરૂચઃ આમોદના દોરા ગામ નજીક આવેલા NH-4 દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર શુક્રવારે વહેલી સવારે ગોઝારા અકસ્માતમાં એક યુવકને અડફેટે લેતાં તેનું ઘટના સ્થળે કરુણ મોત નીપજ્યું હતું. આ અકસ્માતને લઈ ભારે અફડાતફડી મચી ગઈ હતી. ભરૂચ જિલ્લામાંથી પસાર થતો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે માંડ શરૂ થયો છે. ત્યારે આમોદના દોરા રેસ્ટ હાઉસના સર્વિસ રોડ પરથી ઊતરતા વળાંક પાસે ચાલક કાર રોડ સાઈડમાં ઊભી રાખી નીચે ઊતર્યો હતો. દરમિયાન વડોદરાથી ભરૂચ તરફ પૂરઝડપે આવી અન્ય કારના ચાલકે તેને અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજાના પગલે અડફેટે આકાશ દત્તાત્રેય મડકે (રહે.,પનવેલ, મહારાષ્ટ્ર)નું ઘટના સ્થળે જ મોત થયું હતું. આ અકસ્માત બાદ કાર ચાલક ફરાર થઇ ગયો હતો. જે અંગે આમોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉચ્છલના વેપારીનો ક્રેડિટ કાર્ડ સ્કેન કરી 1 લાખની ઠગાઈ

વ્યારાઃ ઉચ્છલના વેપારી સંજયભાઈ રમેશભાઈ અગ્રવાલ (ઉ.વ.51) (રહે.,ઉચ્છલ ગામ, ફૂલવાડી ફળિયું) કરિયાણાની દુકાન ચલાવી પોતાના પરિવારનું જીવન ગુજરાન ચલાવે છે. ગત તા.6-12-2025ના રોજ સંજયભાઈ પોતાના મોબાઈલમાં ફોન પે બિઝનેસ એપ્લિકેશન બે-ત્રણ દિવસથી બંધ હોય, જે ચાલુ કરાવવા માટે પોતાના મોબાઈલમાં ગૂગલ ફોન પે બિઝનેસ એપ્લિકેશનનો કસ્ટમર કેર નંબર સર્ચ કરતાં નં.(918068727777) પર ફોન કરીને પોતાના મોબાઈલમાં ફોન પે બિઝનેસ એપ્લિકેશન પર બંધ થયેલું ક્રેડિટ કાર્ડ એક્ટિવ કરાવવાનું કહેતાં વોટ્સએપ નં.(8132802990) પરથી વિડીયો કોલ આવ્યો હતો. જેના પરથી કેમેરા સામે ક્રેડિટ કાર્ડ સ્કેન કરાવી ભેજાબાજ શખ્સે વેપારી સંજય અગ્રવાલના ક્રેડિટ કાર્ડમાંથી પહેલાં 68751, બાદ 29047 અને એ પછી 10329 મળી તબક્કાવાર કુલ મળી 1,08,127 રૂપિયા સેરવી લીધા હતા. વેપારીને પોતાની સાથે ઓનલાઈન ઠગાઈ થઈ હોવાનું માલૂમ પડતાં વેપારીએ તાત્કાલિક 1930 પર ફોન કરી પોલીસને જાણ કરી હતી. બાદ ગત તા.24-12-2025ના રોજ વેપારીએ ઉચ્છલ પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ઓનલાઈન છેતરપિંડીની ફરિયાદ આપતાં પોલીસે વોટ્સએપ પર વિડીયો કોલ કરી ક્રેડિટ કાર્ડ સ્કેન કરાવી એક લાખથી વધુની રકમ તફડાવી લેનાર અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બારડોલીમાં રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના અધ્યક્ષની બેઠક મળી

બારડોલીઃ રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના અધ્યક્ષ અંતરસિંહ આર્યના અધ્યક્ષસ્થાને બારડોલી નગરપાલિકા ખાતે અનુસૂચિત જનજાતિ સમાજના સર્વાંગી ઉત્થાન માટે અમલી સરકારી યોજનાઓ તેમજ સ્થાનિક પ્રશ્નો અને તેના નિવારણ સંદર્ભે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અધ્યક્ષે આદિજાતિ સમાજ માટેની કલ્યાણકારી યોજનાઓ અંગે વિવિધ સમિતિઓના સૂચનો સાંભળ્યાં હતાં. આરોગ્યલક્ષી સેવાઓની ઉપલબ્ધતા અને વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિના પ્રશ્નો તેમજ ખેડૂતોને મળતી વિવિધ સબસિડી અને ખેતી વિષયક યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા અંગે ચર્ચા કરી જ્ઞાતિના પ્રમાણપત્રો મેળવવામાં પડતી મુશ્કેલીઓના કાયમી નિરાકરણ માટે વહીવટીતંત્રને સૂચન કર્યા હતા.

યુનિવર્સિટી યૂથ ફેસ્ટિવલની કાવ્યપઠન સ્પર્ધામાં અંકલેશ્વરની વિદ્યાર્થિની પ્રથમ

અંકલેશ્વરઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત આયોજિત યુવા મહોત્સવની વિવિધ સ્પર્ધાઓમાં અંકલેશ્વરની શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થિની હાર્વી ભટ્ટ પ્રથમ ક્રમે વિજેતા રહી છે. તેમણે ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ કવિ લાભશંકર ઠાકરના દીર્ઘકાવ્ય 'ટોળાં અવાજ ઘોંઘાટ'નું પઠન કર્યું હતું. હાર્વી ભટ્ટને કાવ્યપઠન માટે કોલેજના પ્રા. ડો.જગદીશ કંથારીઆએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વાગરા મામલતદાર કચેરી ખાતે અદ્યતન જનસેવા કેન્દ્રનું લોકાર્પણ કરાયું

ભરૂચઃ વાગરા મામલતદાર કચેરી ખાતે વાગરાના ધારાસભ્ય અરુણસિંહ રણા અને કલેક્ટર ગૌરાંગ મકવાણાના હસ્તે સુશાસન દિવસ નિમિત્તે અદ્યતન જનસેવા કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ અગ્રણીઓ, પ્રાંત અધિકારી ભરૂચ, મામલતદાર, સ્થાનિક અગ્રણીઓ, કર્મયોગીઓ અધિકારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા વિસ્તારના અરજદારોના વધતા ધસારાને ધ્યાનમાં રાખીને અંદાજિત રૂ.20 લાખના ખર્ચે નવીન જનસેવા કેન્દ્ર તૈયાર કરવામાં આવ્યું છે. અહીં 7/12, 8-અના ઉતારા, જાતિ દાખલા, રેશનકાર્ડ, આધારકાર્ડ સહિતની વિવિધ સેવાઓ એક જ છત હેઠળ સરળતાથી ઉપલબ્ધ થશે. આ કેન્દ્રમાં સરકારની 680થી વધુ કલ્યાણકારી યોજનાઓની માહિતી પ્રદાન કરતી 'મારી યોજના' કક્ષ પણ શરૂ કરવામાં આવી છે, જેના માધ્યમથી અરજદારો પોતાની પાત્રતા મુજબ કઈ યોજનાનો લાભ મળી શકે તેની સચોટ માહિતી મેળવી શકશે. હવે નાગરિકોને યોગ્ય યોજના જાણવા માટે ભટકવું નહીં પડે.

કોસંબા ફાટક નજીક ડમ્પરે બે કારને અડફેટે લીધી

બીજા બનાવમાં બસ ટ્રકમાં ઘૂસી, ચારને ઈજા

હથોડાઃ મુંબઈથી અમદાવાદ તરફના નેશનલ હાઈવે પર પૂરપાટ ઝડપે આવેલા અને બેકાબૂ બનેલા ડમ્પર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં આગળ ચાલતી બે કારને અડફેટે લીધી હતી. એક કાર ફંગોળાઈને બીજી કાર ઉપર પડી હતી, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. અકસ્માતના બીજા બનાવમાં પસાર થતી બસના ચાલકે બસના સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દઈ ટ્રકની પાછળ એસટી બસ અથડાવી દીધી હતી. આ બનાવમાં બસના આગળના ભાગનો ભૂક્કો બોલી ગયો હતો, જેમાં બસના ક્લીનર તેમજ ત્રણેક મુસાફરને સામાન્ય ઈજા થઈ હતી. આ બંને અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં જિલ્લા ટ્રાફિક જમાદાર લાલજીભાઈએ સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી સારવાર માટે મોકલી આપ્યા હતા.

સુણેવ પાસે એમ્બ્યુલન્સ પલટી ખાતાં 2 ઘાયલ

અંકલેશ્વર, ભરૂચઃ હાંસોટથી સુરત તરફ જઈ રહેલી એમ્બ્યુલન્સના ચાલકે સુણેવ ગામ પાસે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે વાહન રોડ પર પલટી ગયું હતું. અકસ્માતમાં એક મહિલા સહિત બે લોકોને ઈજાઓ થઈ હતી. સદનસીબે અકસ્માત સમયે એમ્બ્યુલન્સમાં કોઈ દર્દી સવાર ન હતો. ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક એમ્બ્યુલન્સની મદદથી ઈજાગ્રસ્તોને સારવાર માટે હાંસોટ ખસેડવામાં આવ્યા હતા.

વાગરામાં ગેરકાયદે માટીખનન

પણિયાદરા અને લુવારા ગામમાં ખાણ-ખનીજ વિભાગનો સપાટો

6 ડમ્પર મળી અંદાજે 2.80 કરોડની કિંમતનો મુદ્દામાલ સીઝ

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં ખનીજ ચોરીની પ્રવૃત્તિઓને જડમૂળથી ડામી દેવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કડક ઝુંબેશના ભાગરૂપે શુક્રવારે ખાણ-ખનીજ વિભાગે વાગરા તાલુકામાં મોટી કાર્યવાહી કરી હતી. ભરૂચ ભૂસ્તરશાસ્ત્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજ કચેરીની ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા વાગરાના પણિયાદરા અને લુવારા ગામે આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન મોટા પાયે બિનઅધિકૃત સાદી માટીનું ખનન અને વહન થતું હોવાનું કૌભાંડ ઝડપાયું છે. તપાસ ટીમ દ્વારા સ્થળ પરથી સાદી માટીનું ગેરકાયદે ખનન કરી રહેલા 2 એક્સકેવેટર મશીન, જેમાં સેની અને ટાટા હિટાચી કંપનીના મશીનોનો સમાવેશ થાય છે, તેમજ ખનીજનું વહન કરતા કુલ 6 ડમ્પર મળી અંદાજે 2.80 કરોડની કિંમતનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે.

શુક્રવાર તા.26 ડિસેમ્બરે વહેલી સવારથી જ હાથ ધરવામાં આવેલા આ સરપ્રાઈઝ ચેકિંગથી ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. જપ્ત કરવામાં આવેલાં તમામ વાહનો અને મશીનરીને સુરક્ષાના ભાગરૂપે દહેજ પોલીસ સ્ટેશન તેમજ લુવારા ખાતે આવેલી ગોદરેજ અને બોયસના કમ્પાઉન્ડમાં મૂકવામાં આવ્યાં છે. ખાણ-ખનીજ વિભાગ દ્વારા આ મામલે ખનીજ ચોરીના નિયમોનુસાર દંડકીય અને કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં ખનીજનું બિનઅધિકૃત વહન સદંતર બંધ થાય અને સરકારી તિજોરીને થતું નુકસાન અટકે એ હેતુથી આગામી દિવસોમાં પણ આ પ્રકારની આકસ્મિક તપાસ ચાલુ રાખવાની વહીવટી તંત્ર દ્વારા નેમ વ્યક્ત કરવામાં આવી છે.

હલધરૂના સગીરને ગળામાં કાચ મારી પતાવી દીધો હતો

સગીર કામ ન કરતો હોવાથી સાળા-સાળીએ હત્યા કરી હતી

કામરેજઃ હલધરૂ ગામ નજીક સગીર બનેવી કામ કરતો ન હોવાથી સાળા અને સાળીએ ગળાના ભાગે બારીનો કાચ મારી હત્યા કરી નાંખી હતી.

મૂળ બિહારના વતની અને હાલ કામરેજના હલધરૂ નજીક આવેલી સોસાયટીમાં સગીર યુવક અને તેનો નાનો ભાઈ, પત્ની, સાળા અને સાળી સાથે રહી મધ વેચવાનો ધંધો કરતાં હતાં. બુધવારે સાંજે આશરે 4 કલાકે સગીર યુવક કંઈ કામ કરતો ન હોવાથી સાળા-સાળીને પસંદ ન હોવાથી ઝઘડો થયો હતો. જેને લઈ ઘરમાં રૂમની બારીનો કાચ સગીર યુવકને ગળાના ભાગે મારી દેતાં લોહીલુહાણ હાલતમાં થઈ જતાં સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન સાંજે 7.21 કલાકે મોત નીપજ્યું હતું. જે અંગે હોસ્પિટલના તબીબે કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસને ઘટના શંકાસ્પદ લાગતાં તેમજ પરિવારજનો પોલીસને ગોળ ગોળ ફેરવતા હોવાથી પોલીસે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સિક પીએમ કરાવતાં પીએમના પ્રાથમિક રિપોર્ટમાં ગળાના ભાગે તીક્ષ્ણ વસ્તુ મારવાથી મોત નીપજ્યું હોવાથી પોલીસે સોસાયટીના પ્રમુખની હત્યાની ફરિયાદ લઈ મરનાર સગીર યુવકના સાળા અને સાળી સામે ફરિયાદ નોંધી હતી. સગીર યુવકના સાળા-સાળીની ઉંમરના પુરાવા પણ ન હોવાથી ઉંમરની ચકાસણી માટે પોલીસે પ્રોફેશિયન્સી ટેસ્ટ કરાવવા માટે બંનેને નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવશે. બાદ ઉંમર નક્કી થશે. જો સગીર હશે તો બંનેને જુવેનાઈલ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

ભરૂચમાં બેફામ દોડતી ટ્રકે મહિલાને ફંગોળી, જીવ બચ્યો

ભરૂચઃ ભરૂચના શક્તિનાથ વિસ્તારમાં બેફામ દોડતી હાઈવા ટ્રકે મોપેડ ચાલકને અડફેટે લેતાં કચ્ચરઘાણ નીકળી ગયો હતો. સદનસીબે આ ભયંકર અકસ્માતમાં મોપેડ મહિલા ચાલકનો આબાદ બચાવ થયો હતો. ઘટનાના સમયે આસપાસના લોકો દોડી આવી મદદે પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગોદી રોડ પર આરસીસી રોડ બનાવવાની કામગીરી ચાલી રહી હોવાથી ભારે વાહનોને શહેરમાંથી અવરજવર કરવા માટે તંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જો કે, આ જાહેરનામાની આડમાં ભારે વાહનો શહેરમાં બેફામ રીતે દોડતા હોવાની ફરિયાદો ઊઠી છે. અકસ્માતની આ સમગ્ર ઘટનાના સીસીટીવી વિડીયો પણ સામે આવ્યા છે, જેમાં અકસ્માતના ભયાવહ દૃશ્ય સ્પષ્ટ રીતે નજરે પડે છે. આ ઘટના બાદ જાહેરનામાના અમલીકરણ અને શહેરમાં બેફામ દોડતાં ભારે વાહનો પર લગામ મુદ્દે માંગ ઊઠી છે.

ભરૂચમાં દીપડાએ વાછરડાને ફાડી ખાધો

ભરૂચઃ ભરૂચ પાસે જૂના તવરા ગામે છેલ્લા ચાર દિવસથી દીપડાની લટાર જોવા મળતાં ફફડાટ ફેલાઈ ગયો છે. ગામમાં પશુપાલકોના વાડામાંથી રાત્રિ દરમિયાન દીપડો ગાયના વાછરડા ઉઠાવી જવાની ઘટના બનતાં ચોંકી ઊઠ્યા છે. દીપડાની સતત ચહલપહલને કારણે પશુપાલકો પોતાના પશુઓના રક્ષણ માટે રાત્રિ દરમિયાન જાગરણ કરી રહ્યા છે. તેમ છતાં દીપડાનો આતંક યથાવત્ છે. ગઈકાલે મોડી રાત્રે તવરા પ્રાથમિક શાળા પાસે આવેલા એક પશુપાલકના વાડામાંથી દીપડો એક વાછરડું ઉઠાવી જઈ ઝાડીઓમાં ફાડી ખાધો હતો. આ ઘટનાની જાણ જૂના તવરા ગ્રામ પંચાયતનાં સરપંચ જાગૃતિબેન પૃથ્વીરાજસિંહને થતાં તેમણે તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં. તેને પકડવા માટે બેથી વધુ પાંજરા ગોઠવી દેવામાં આવ્યાં હતાં.

વીજ પોલ ધરાશાયી થતાં બે મોપેડને નુકસાન

અંકલેશ્વરઃ અંકલેશ્વરની વાલિયા ચોકડી વિસ્તારમાં અગમ્ય કારણોસર એકાએક વીજ થાંભલો ધરાશાયી બનતાં દોડધામ મચી ગઈ હતી. આ ઘટનામાં રોડ સાઈડ ઉપર પાર્ક કરાયેલી બે મોપેડને ભારે નુકસાન થયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ માનવ હાનિ કે ઈજા નોંધાઈ ન હતી.

વાલિયા ચોકડી વિસ્તારમાં આવેલા રવિ કોમ્પ્લેક્સ ખાતે શુક્રવારે બપોરના સમયે શોપિંગ કોમ્પ્લેક્સની બહાર રોડ ઉપરનો ડીજીવીસીએલનો ઈલેક્ટ્રિક થાંભલો અગમ્ય કારણોસર ધરાશાયી થઈ ગયો હતો.

વીજ થાંભલો રોડ સાઈડ ઉપર પાર્ક કરાયેલા બે મોપેડ ઉપર પડતાં તેને નુકસાન થયું હતું. થાંભલો પડ્યા બાદ લાંબા સમય સુધી શોર્ટ સર્કિટ થયું હતું.

ઘટના દરમિયાન બે રાહદારીઓ વીજ તારો નજીક ફસાયા હતા. જો કે, સ્થાનિક દુકાનદારોની મદદથી તેમને સલામત સ્થળે ખસેડી લેવામાં આવ્યા હતા. વીજ થાંભલો કયાં કારણોસર ધરાશાયી થયો તેનું કારણ જાણી શકાયું નહોતું. સ્થાનિક દુકાનદારોએ આ ઘટના અંગે વીજ કંપનીને જાણ કરતાં મોડેથી વીજકર્મીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને વીજ પ્રવાહ બંધ કરી મરામતની કામગીરી હાથ ધરી હતી. સ્થાનિક દુકાનદારોએ વીજ થાંભલો જર્જરિત બની ગયો હોવાની આશંકા વ્યક્ત કરી હતી. આ ઘટનાને પગલે સ્થાનિક દુકાનદારો ભયભીત બન્યા હતા.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૧૭/૨૦૨૫

તા.૧૯/૧૧/૨૦૨૫

વાદી :- કાસુભાઈ ગનીયાભાઈ ચૌધરી, રહે.કીમડુંગરા, મંદિર ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કીમડુંગરા ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી કાસુભાઈ ગનીયાભાઈ ચૌધરી, રહે. કીમડુંગરા, મંદિર ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦એ તેઓના માતા હોલડીબેન ગનીયાભાઈ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામઃ હોલડીબેન ગનીયાભાઈ ચૌધરી ૨. મરણ તારીખઃ ૧૦/૦૨/૨૦૧૬ ૩. મરણનું સ્થળઃ મોજે.કીમડુંગરા, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે હોલડીબેન ગનીયાભાઈ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)

સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

કલેક્ટરનો યુ-ટર્ન?, 75 લાખ ચૈતર વસાવાએ માંગ્યા હતા: મનસુખ વસાવા

નર્મદા તોડકાંડમાં નવો વિસ્ફોટઃ મનસુખ વસાવાની કલેક્ટર સાથેની લાંબી બેઠક બાદ રાજકીય ભૂકંપ

કલેક્ટરનો પણ યુ ટર્ન અને સાંસદનો પણ ભાજપ છોડવાની બાબતે યુ ટર્ન

ભરૂચ, ડેડિયાપાડાઃ નર્મદા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચાના કેન્દ્રમાં રહેલા 75 લાખ રૂપિયાના તોડકાંડ મામલે શુક્રવારે નાટકીય વળાંક આવ્યો છે. ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ કલેક્ટર સંજય મોદી સાથે બેઠક કર્યા બાદ દાવો કર્યો છે કે, કલેક્ટરે પોતાના અગાઉના સ્ટેન્ડ પરથી યુ-ટર્ન લીધો છે અને હવે સ્વીકાર્યું છે કે 75 લાખ રૂપિયાની માંગ ચૈતર વસાવા દ્વારા જ કરવામાં આવી હતી. સાંસદના આ દાવાથી વહીવટી અને રાજકીય વર્તુળોમાં ભારે નાટકીય સ્થિતિ સર્જાઈ છે અને સમગ્ર પ્રકરણ ફરી એક વખત રાજકીય અને વહીવટી વર્તુળોમાં ગરમ ચર્ચાનો વિષય બની ગયો છે.

સાંસદ મનસુખ વસાવા જિલ્લા ભાજપ પ્રમુખ સહિતના કાર્યકર્તાઓ સાથે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. ત્યાં લાંબી અને મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન કલેક્ટર સંજય મોદીએ સ્વીકાર્યું હતું કે 75 લાખ રૂપિયાની માંગ ચૈતર વસાવા દ્વારા કરવામાં આવી હતી અને આ બાબત તેમને માર્ગ અને મકાન વિભાગના ઇજનેર મોદી દ્વારા જણાવવામાં આવી હતી એવો દાવો સાંસદ વસાવાએ મીડિયા સમક્ષ કર્યો હતો. આ સ્વીકારથી અગાઉના દિવસોમાં કલેક્ટર દ્વારા આપવામાં આવેલા ઇનકારના નિવેદન પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

ઉલ્લેખનીય છે કે, બે દિવસ અગાઉ ચૈતર વસાવા કલેક્ટરને મળ્યા ત્યારે કલેક્ટરે 75 લાખ રૂપિયાની માંગ અંગેની વાતને ખોટી ગણાવી હતી. જો કે, શુક્રવારની બેઠકમાં સ્થળ અંગે નવી વિગત સામે આવી છે, જેમાં સાંસદના દાવા મુજબ કલેક્ટરે જણાવ્યું છે કે આ ચર્ચા રાજપીપળા ખાતે નહીં પરંતુ કેવડિયા હેલિપેડ ખાતે થઈ હતી. સ્થળ બદલાવની આ નવી દલીલે સમગ્ર પ્રકરણમાં વધુ ગૂંચવણ અને શંકાઓ ઊભી થઈ છે.

આ પ્રકરણ સાથે મનસુખ વસાવાની રાજકીય પ્રતિષ્ઠા પણ જોડાયેલી હતી કારણ કે, આ સમગ્ર વિવાદ દરમિયાન સાંસદ મનસુખ વસાવાએ જો તેમને ન્યાય નહીં મળે તો તેઓ ભાજપ છોડી દેશે તેવું સ્ફોટક નિવેદન આપ્યું હતું. જો કે, શુક્રવારની બેઠક બાદ મીડિયા સાથેની વાતચીતમાં તેમણે પણ યુ-ટર્ન લેતા જણાવ્યું હતું કે, "મારી સાથે ભાજપ ઊભો છે. મને પાર્ટી પર વિશ્વાસ છે અને આજે જિલ્લા પ્રમુખ સહિતના કાર્યકર્તાઓ મારી સાથે આવ્યા છે. મેં કહ્યું હતું કે, ન્યાય નહીં મળે તો ભાજપ છોડી દઈશ, પરંતુ આજે કલેક્ટરે પણ મારી વાતને સાચી માની છે, એટલે હવે હું પાર્ટી સાથે જ છું."

આ બેઠક પૂર્ણ થયા બાદ તેઓ મીડિયાના પ્રશ્નોના જવાબ આપવાને બદલે મૌન જાળવીને પોતાની કચેરીમાંથી બહાર નીકળી ગયા હતા. કલેક્ટરના આ મૌન અને સાંસદના દાવાઓથી મામલો વધુ સંવેદનશીલ, વિવાદસ્પદ અને ચર્ચાસ્પદ બન્યો છે. આ હાઈ-પ્રોફાઈલ તોડકાંડમાં આગામી દિવસોમાં પોલીસ કે વહીવટી તંત્ર દ્વારા કયા પ્રકારની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે અને ચૈતર વસાવા સામેના આક્ષેપો કઈ દિશા પકડે છે. તે અંગે સૌની નજર ટકી રહી છે.

બારડોલીમાં સિંગલ યૂઝ પ્લાસ્ટિક અને ગંદકી બદલ વેપારીઓ દંડાયા

પાલિકા દ્વારા ૩.૧૩,૦૦૦નો દંડ ફટકારાયો

બારડોલીઃ બારડોલી નગરને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત બનાવવાના અભિયાન હેઠળ શુક્રવારે નગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. પાલિકાના સેનેટરી ઇન્સ્પેક્ટર અને સુપરવાઇઝરોની ટીમે શહેરના વિવિધ વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરી નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે દંડાત્મક પગલાં ભર્યાં હતાં.

નગરપાલિકાની ટીમે શુક્રવારે સવારથી જ શહેરના મુખ્ય ગણાતા શાકભાજી માર્કેટ, સ્ટેશન મેઇન રોડ તેમજ જાણીતી હોટલોમાં તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન પ્રતિબંધિત સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો વપરાશ કરતા અને વેચાણ કરતા વેપારીઓ ઝડપાયા હતા. આ ઉપરાંત દુકાનની બહાર જાહેરમાં કચરો ફેંકી ગંદકી ફેલાવતા અને રોડ-રસ્તા પર ન્યૂસન્સ ઊભું કરતાં એકમો સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. આ આખી કામગીરી દરમિયાન નગરપાલિકા દ્વારા કુલ ૧૩૭ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. નિયમોનો ભંગ કરનાર વેપારીઓ પાસેથી સ્થળ પર જ કુલ રૂ. ૧૩,૦૦૦નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો હતો.

આ અભિયાનનો મુખ્ય હેતુ નગરમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડી પર્યાવરણને થતા નુકસાનને અટકાવવાનો છે. પાલિકા તંત્ર દ્વારા બારડોલીના તમામ નાગરિકો અને વેપારીઓને નમ્ર અપીલ કરવામાં આવી છે કે, સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો ઉપયોગ અને વેચાણ સદંતર બંધ કરવું, કચરો જાહેરમાં ફેંકવાને બદલે ડસ્ટબિનનો જ ઉપયોગ કરવો, શહેરને સ્વચ્છ અને સુંદર રાખવામાં સહકાર આપવો. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ વધુ વેગવંતી બનાવવામાં આવશે તેવી ચીમકી પાલિકા દ્વારા આપવામાં આવી છે

Milano MULTIPLEX

બારડોલી

Tu Meri Main Tera Main Tera Tu Meri
10:00am, 03:00pm, 10:00pm

Vande BHARAT Via USA-Gujarati - 06:30pm

Avatar: Fire And Ash
11:00am, 09:30pm

Dhurandhar
12:00pm, 02:00pm, 04:00pm, 06:00pm,09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333

ગુજરાતનું સૌથી વિશાળ
કન્ઝ્યુમર શોપિંગ એક્ઝીબીશન
બારડોલી પ્રદેશ ચેમ્બર ઓફ કોમર્સ & ઈન્ડસ્ટ્રી
તથા આશીર્વાદ માર્કેટીંગ દ્વારા આયોજીત
Ashirvad MARKETING
વર્ષમાં એકવાર આવતો
ભવ્ય વેપારમેળો
ગૃહ ઉપયોગી સાધનોનું પ્રદર્શન તથા વેચાણ
A MEGA CONSUMER TRADE FAIR
A MEGA TRADE FAIR 2025
૨૪ થી ૨૯
ડિસેમ્બર ૨૦૨૫
સવારે ૧૧.૦૦ થી રાત્રે ૧૦.૦૦ સુધી
FREE ENTRY
GAME ZONE
FOOD STALL
FREE PARKING
મુખ્ય આકર્ષણો
નવી પ